# <u>ટેન્ડર અંગેની ખાસ શરતો</u>

**એજન્સીનું નામ :** . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**ટેન્ડર આઈ.ડી. :** . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**કામનું નામ** : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**અંદાજીત રકમ :** . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

1 કોન્ટ્રાકટરે ટેન્ડર ભરતા પહેલા સ્થળ પરિસ્થિતિનું ચોકસાઈ પૂર્વક અવલોકન કરી ત્યાર બાદ ટેન્ડર ભરવું.

2 એજન્સીએ ટેન્ડર ભરતા પહેલા ટેન્ડરની તમામ શરતો તેમજ બધી જ વિગતોનો ચોકસાઈ પૂર્વક અભ્યાસ કરવો.

3 એજન્સી પાસે જરૂરી મશીનરી હોવી જોઈએ તેમજ અન્ય જરૂરી ટુલ્સ એન્ડપ્લાન્ટ હોવા જોઈએ.

4 કોન્ક્રીટ કરતા પહેલા સ્ટીલ દહેગામ નગરપાલિકા અને PMC ના એન્જીનીયરને ચેક કરાવવાનું રહેશે ત્યાર બાદ તેની નોંધ સ્ટીલ રજીસ્ટરમાં કરવાની રહેશે.તે મુજબનું જ સ્ટીલ બીલમાં લખવાનું રહેશે.

5 ટેન્ડરના પ્રાઇઝબીડ ખુલ્યા બાદ ન.પા. દ્વારા સુચના આપવામા આવે તો એજન્સી દ્વારા ભરેલા ભાવ(ઉચા/નીચા)નું પૃથ્થકરણ(રેટ એનાલીસીસ) રજુ કરવાનું રહેશે.

6 ટેન્ડરના પ્રાઈઝ બીડ ખુલ્યા બાદ એજન્સી પોતે ભરેલ ભાવે(ઉચા/નીચા) કામ કરવા તૈયાર ન થાય તો તેની સામે નગરપાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

7 કામના રનીંગ બીલ માટે દહેગામ નગરપાલિકા અને PMCના સાઈટ એન્જીનીયરને સાથે રાખી માપ લેવાના રહેશે ત્યાર બાદ એજન્સીએ બીલ તૈયાર કરીને PMCના સીનીયર એન્જીનીયર પાસે તે મુજબ ચેક કરાવવાનું રહેશે. ત્યાર બાદ નગરપાલિકાના એન્જીનીયર દ્વારા ફાઈનલ ચકાસણી થશે. તે મુજબ માપ એજન્સીએ માન્ય રાખવાના રહેશે.

8 એજન્સી દ્વારા નવીન કામગીરી શરુ કરતા પહેલા જુના પેવર બ્લોક /પત્થર /પાઈપ કે અન્ય સામાન નીકળે તો તે નગરપાલિકા દ્વારા સૂચવેલ સ્ટોર /જગ્યાએ વ્યવસ્થિત સ્ટોક કરવાનો રેહશે અને તેનું શિફ્ટીંગ કરેલ ફેરા વાઈજ રજીસ્ટર નિભાવવાનું રેહશે અને આ રજીસ્ટર બીલ સાથે નગરપાલિકામાં સબમિટ કરવાનું રેહશે જેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહિ.

9 આ કામની ગ્રાન્ટ આવ્યા મુજબ થયેલ કામનું ચુકવણું થશે.

10 એજન્સી દ્વારા એક અનુભવી ડીપ્લોમાં સિવિલ ચાલુ કામ દરમ્યાન રાખવાનો રહેશે.

11 એજન્સી દ્વારા રાખવામાં આવેલ સુપરવાઈસર/એન્જીનીયરની વિગત(રિઝ્યુમ, ફોટો, સર્ટીફીકેટ) ટેન્ડર માં ભરવાની રહેશે. ફીઝીકલ સબમીશનમાં પણ મુકવાનું રહેશે.તે મુજબના જ એન્જીનીયર સાઈટ નિયમિત રાખવાના રહેશે.

12 એજન્સી દ્વારા રાખવામાં આવેલ એંજીનીયર આવડતની દ્રષ્ટિ એ અનુકુળ ન હોય અને દહેગામ નગરપાલિકા અને PMC ની સુચના સૂચનાનું પાલન ન કરે તો તેને બદલી આપવાનો રહેશે.

13 એજન્સીએ કામ ચાલુ કરતા પહેલા તે કામના મંજુર થયેલ ડ્રોઈંગ મેળવી લઈ સાઈટ પર રાખવાના રહેશે.

14 ટેન્ડરની કોઈ પણ આઈટમમાં ફેરફાર થાય અથવા રદ થાય અથવા જથ્થામાં વધઘટ થાય જે કોન્ટ્રાક્ટરને નગરપાલિકા સાથે ચર્ચા બાદ માન્ય રાખવાનો રહેશે.

15 કેન્દ્ર તેમજ રાજ્ય સરકારશ્રી ના તમામ પ્રકારના ટેક્ષ અને તેમજ GST કોન્ટ્રાકટરે ભરવાનો રહેશે. હાલના અને ભવિષ્યમાં લાગુ દર પ્રમાણે ભરવાનો રહેશે.

16 તમામ મટીરીયલનું સેમ્પલ PMCના એન્જીનીયર/દહેગામ નગરપાલિકા એન્જીનીયર દ્વારા મંજુર કર્યા બાદ વાપરવાનું રહેશે.

17 એજન્સી ટેન્ડરની મુજબની મિક્ષ ડીઝાઇન ફરજીયાત કરવાની રહેશે તથા મટીરીયલ ટેસ્ટ કામ ચાલુ કરતાં પહેલા અને ચાલુ કામ દરમ્યાન ક્યુબ ટેસ્ટ વગેરે સરકારી ધારા ધોરણ મુજબ કરવાના થતા તમામ ટેસ્ટ ઓછામાં ઓછા ૧૦% સરકાર માન્ય એજન્સી ગેરીમાં જ કરાવવાના રહેશે તથા બાકીના પરિક્ષણ સરકારે નક્કી કરેલી સરકાર માન્ય લેબોરેટરી માં કરાવવાની રહેશે.તથા સ્ટ્રક્ચર ડ્રોઈંગ તથા એસ,બી.સી કામ શરુ કરતા પેહલા કોન્ટ્રાક્ટર એ સ્વખર્ચે કરાવવાના રહેશે તેમજ તેને PMC તેમજ નગરપાલિકા ઈજનેર પાસે એપ્રુવલ ફરજીયાત લેવાની રહશે ત્યાર બાદ કામ ચાલુ કરી શકાશે.

18 દરેક આર.એ.ના બીલ વખતે સિમેન્ટ વપરાશ, સ્ટીલ વપરાશના રજીસ્ટર અને તે મુજબના અસલ બીલો રજુ કરવાના રહેશે. અન્ય મટીરીયલ્સ ખરીદીના પણ અસલ બીલો રજુ કરવાના રહેશે.

19 ચાલુ કામ દરમ્યાન પાણી છાંટવા માટે અલગથી માણસ રાખવાનો રહેશે.

20 ખોદાણ દરમ્યાન જો વોટર ટેબલ ઉચું હોય અને પાણી આવે તો એજન્સીએ પોતાના ખર્ચે ડીવોટરીંગકરવાનું રહેશે. તેના માટે કોઈ પણ જાતનું એકસ્ટ્રા પેમેન્ટ ચુકવવામાં આવશે નહિ.

21 અજેન્સી જો રેડીમિક્ષ કોન્ક્રીટ વાપરે તો તેના માટે ટેન્ડરમાં રેડીમિક્ષ કોન્ક્રીટની શરતો મુકવામાં આવેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે.

22 એજન્સીએ કામ ચાલુ થયા પહેલાના, ચાલુ કામના અને કામ પૂર્ણ થયાના ફોટોગ્રાફ્સ આપવાના રહેશે.

23 ચાલુ કામ દરમ્યાન જરૂરી સેફ્ટી રાખવાની રહેશે. જે માટે બેરીકેટીન્ગ રાખવાના રહેશે.

24 ખોદાણ કામ શરૂ કરતા પહેલા જમીનમાં આવતી પાણીની લાઈન, ગટરની લાઈન અને અન્ય કોઈ પણ લાઈન કે કેબલ પાસ થતો હોય તો તેની માહિતી મેળવી લેવી. જો ચાલુ કામ દરમ્યાન આમાંની કોઈ પણ લાઈન તૂટેશે તો એજન્સી એ સ્વખર્ચે સંતોષકારક અને તાત્કાલિક રીપેરીંગ કરાવવાનું રહેશે.

25 કામ શરૂ કરતા પહેલા દહેગામ નગરપાલિકા/PMC ની ગાઈડલાઈન મુજબ કામની વિગત દર્શાવતું બોર્ડ સ્થળ પર ફરજીયાત મુકવાનું રહેશે.

26 કામનો વર્ક ઓડર મળ્યેથી ૧૫ દિવસમાં કામ શરૂ કરવાનું રહેશે. એજન્સી દ્વારા ૧૫ દિવસમાં કામ શરૂ કરવામાં નહી આવે તો તેઓની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને દહેગામ નગરપાલિકા દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે.

27 ઉપરોક્ત તમામ કામો નગરપાલિકા દ્વારા સ્થળ ઉપરની જરૂરિયાત પ્રમાણે કરાવવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

28 રોડનું કામ શરૂ કરતા પહેલા રસ્તામાં આવતા ગટરના લાઈનના ઢાંકણાની માહિતી મેળવી લેવી. અને તેને નવા રોડના લેવલે મુજબ ઉપર કે નીચે કરવાના રહેશે. જેને માટે વપરાયેલ માલસામાન અને મજુરી નું કોઈ પણ જાતનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

29 સદર કામગીરીમાં કોઈપણ જાતની ચાઈનિજ પ્રોડક્ટનો ઉપયોગ કરવો નહિ.

30 સદર કામગીરીમાં કોન્ટ્રાક્ટર ધ્વારા સાઈટ ઉપર રોજે રોજ માલ સામાનની વપરાશનું આવક તેમજ જાવકનું રજીસ્ટર ચોક્કસ પણે નિભાવવાનું રહેશે તેમજ વખતો વખત સક્ષમ કક્ષાએ થી ચકાસણી કરાવાની રહેશે.

31 નગરપાલિકાની સૂચના મુજબ કામના નામની તકતી લગાવવાની રહેશે. જેનું કોઈ અલગથી ચૂકવાણું કરવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેશો.

32 સદર કામના ફિઝીકલ ડોક્યુમેંટ્સ કામદીઠ અલગ કવરમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી "ચીફ ઓફિસરશ્રી" દહેગામ નગરપાલિકા જી.ગાંધીનગરના નામે મોકલી આપવાના રહેશે.તેમજ કવર ઉપર કામનું નામ, ટેન્ડર આઈ.ડી. અને એજન્સીનું નામ સ્પષ્ટપણે અવશ્ય લખવાનું રહેશે.જો તેમાં ભૂલ જણાશે તો ટેન્ડર ખોલવામાં આવશે નહીં.

33. કાર્ય પૂર્ણ થયા બાદ સંબંધિત તમામ કામ/સીસી રોડ માટે નગરપાલિકાના ઈજનેરની સુચના મુજબ જરૂરી મુજબ કોર ટેસ્ટ (Core Test) કરાવવો કોન્ટ્રાક્ટરની જવાબદારી રહેશે. કોર ટેસ્ટ માન્ય લેબોરેટરીમાં કરાવવાનો રહેશે અને તેનો સંપૂર્ણ ખર્ચ કોન્ટ્રાક્ટર દ્વારા જ ભરવાનો રહેશે. કોર ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ જ બીલનું ચુકવણ કરવામાં આવશે.

ઉપર દર્શાવેલ તમામ શરતો અમોને માન્ય છે અને તેનું પાલન કરવા બંધાયેલ છીએ.

એજન્સીનું નામ :

એજન્સીની સહી અને સિક્કો :